# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૫-૦૯-૨૦૨૪ બુધવાર          સમય : સવારે ૬:૪૫ કલાકે**

---

## સ્વચ્છતા હી સેવા અભિયાન:

રાજ્યમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત શહેરી વિસ્તારોમાં અત્યાર સુધીમાં 315 ટન કચરાનો નિકાલ કરાયો છે.

રાજ્યની આઠ મહાનગરપાલિકા અને 157 નગરપાલિકામાં સ્વચ્છતા ઝૂંબેશ હાથ ધરવામાં આવી. થીમ આધારિત પબ્લિક ટ્રાન્સપોર્ટ અને હાઇવેની સાફ સફાઇમાં કુલ 99 હજાર 934થી વધુ નાગરિકે સફાઇ ઝુંબેશમાં જોડાઇને એક કરોડ 86 હજાર 283 કલાકનું શ્રમદાન કર્યું. તેમજ કુલ બે હજાર 350 વધુ કચરો ધરાવતા સ્થળોની પણ સફાઇ હાથ ધરવામાં આવી.. જ્યારે કુલ એક હજાર 873 મુખ્ય રસ્તાઓ, 751 બજાર વિસ્તાર, બે હજાર 823 વ્યવસાયિક વિસ્તાર, પાંચ હજાર 272 રહેણાંક વિસ્તારમાં સફાઇ હાથ ધરવામાં આવી..

વધુમાં, આ ઝુંબેશ હેઠળ કુલ એક હજાર 447 જાહેર શૌચાલયની સફાઇ કરવામાં આવી.. તેમજ કુલ 80થી વધુ સ્વચ્છતાના શેરી નાટકનું આયોજન કરાયું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

- (RNU અમદાવાદ)

---

## તમાકુ મુક્ત યુવા અભિયાન:

સમગ્ર રાજ્યમાં ગઈકાલથી બીજા તબક્કાના તમાકુ મુક્ત યુવા અભિયાનનો પ્રારંભ થયો છે. આગામી 23 નવેમ્બર સુધી યોજાનારા આ અભિયાન અંતર્ગત તમાકુમુક્ત શાળા, તમાકુમુક્ત ગામ સહિતના વિવિધ જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે.

ઉલ્લેખનીય છે કે, વિશ્વમાં દરવર્ષે તમાકુના કારણે 80 લાખ લોકાના મૃત્યુ નીપજે છે અને પરોક્ષ ધુમ્રપાનની અસરથી વિશ્વમાં દર વર્ષે 10 લાખ લોકો જીવ ગુમાવે છે. તમાકુની આદત છોડવી મુશ્કેલ વાત નથી. કોઈ પણ વ્યક્તિ યોગ્ય ઉપચારથી વ્યસનને છોડાવવા માટે ધૈર્યની સાથે ઈચ્છાશક્તિ રાખે તો તમાકુંનું વ્યસન છોડી શકે છે.

- (RNU અમદાવાદ)

---

## આઈઆરસીટીસી દ્વારા દેખો અપના દેશ:

ભારતીય રેલવે અને આઈ આર સી ટી સી દ્વારા દેખો અપના દેશ અને ભારત ગૌરવ ટ્રેન અંતર્ગત દક્ષિણ ભારતના જાણિતા યાત્રાધામોના દર્શનાર્થે 17થી 27 ઑક્ટોબર દરમિયાન વિશેષ ટ્રેન શરૂ કરાશે. જેમાં દર્શનાર્થીઓને તિરુપતિ બાલાજી, પદ્માવતિ મંદિર, રામનાથસ્વામી જ્યોતિર્લિંગ મંદિર, મીનાક્ષી મંદિર, કન્યાકુમારી અને શ્રી પદ્મનાભસ્વામી મંદિરના દર્શન કરવાનો લાભ મળશે.

- (RNU અમદાવાદ)

---

## પોષણ માસ-જીલ્લામાં ઉજવણી:

પોષણ માહ ચાલી રહ્યો છે ત્યારે જીલ્લામાં પોષણ અને આરોગ્ય અંગે લોકોમાં જાગૃતતા લાવવા માટે આઈસીડીએસ વિભાગ દ્વારા પોષણ સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુન્દ્રાના ભદ્રેશ્વર સેજામાં પોષણનું મહત્વ દર્શાવતા બેનર્સ , પોષણની રંગોળી, ચાર્ટ દ્વારા લોકો સુધી પોષણ સંબંધિત સંદેશાઓ પહોંચાડવામાં આવ્યા હતા.

ભુજ ઘટક - ૦૩ના માધાપર કેન્દ્રમાં "પોષણ ભી પઢાઈ ભી " અંતર્ગત બાળકો અને વાલીઓને સાથે રાખીને બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાપર તાલુકામાં ICDS રાપર દ્વારા પોષણ અદાલત કાર્યક્રમ યોજીને વાલીને પોષણ અંગેની જાગૃતિ લાવવા તેમજ ICDSની તમામ યોજના વિષે જાણકારી આપવામાં આવી હતી.

રાપરના વ્રજવાણીમાં બાલિકાઓ પોતાના સાંસ્કૃતિક પહેરવેશ તેમજ લોકકળાને ધ્યાનમાં રાખીને ગરબે રમીને પોષણ જાગૃતિ અંગેના કાર્યક્રમમાં સહભાગી બની હતી.

ભુજ ૧ ના સુખપર સેજામાં પોષણ શપથ અને કિશોરીઓનું હિમોગ્લોબીન ચેક કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સેવા સેતુ કાર્યક્રમાં પોષણ માટેની વિવિધ યોજનાઓ અંગે મહિલાઓને જાણકારી આપવામાં આવી હતી.

ગાંધીધામની વિવિધ આંગણવાડી દ્વારા ધાત્રી માતાની મુલાકાત લઈને પોષણ આહાર બાળકના વિકાસ માટે ખૂબ જ જરૂરી તેમ સમજાવવામાં આવ્યું હતું.

નખત્રાણાની ઉગેડી પ્રાથમિક શાળામાં પોષણને લગતા વિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. બાલિકા પંચાયત દ્વારા બાળકીઓને લીડરશીપ લેવા સાથે અન્ય સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. તો, અંજાર ખાતે આયોજિત સેવા સેતુ કેમ્પમાં ઉપસ્થિત મહાનુભાવો સહિત નાગરિકોએ પોષણમાહ નિમિત્તે પોષણ શપથ લીધા હતા.

- (મા.ખા. ભુજ)

---

## મોટા યક્ષનો મેળો:

લોક સંસ્કૃતિ અને વારસાને ઉજાગર કરતા યક્ષ બૌતેરાના ભાતીગળ મેળાનો આજે અંતિમ દિવસ છે. મીની તરણેતર સમા મોટા યક્ષના મેળામાં ગ્રામીણ સંસ્કૃતિ પુર ભરમાં ખીલી હતી. આ વર્ષે થયેલા સચરાચર વરસાદને પગલે સહેલાણીઓ મોટી સંખ્યામાં ઉમટી પડતાં ધંધાર્થીઓને ગત વર્ષ કરતા આ વર્ષે વધુ નફો થયો હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. સંતવાણી, રામદેવપીરનું આખ્યાન, બખમલાખડો સહિતના આયોજનો કરાયા હતા. કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ટ્રાફિકને પહોંચી વળવા વધારાના પોલીસ જવાનો તૈનાત કરાયા હતા.

- (NP, કલ્પના શાહ)

---

## પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મ જયંતી:

દેશના વિચારક અને રાજકારણી પંડિત દિન દયાળ ઉપાધ્યાયની આજે 108મી જન્મ જયંતી છે. તેઓ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને ભારતીય જનસંઘ સાથે સક્રિય રીતે સંકળાયેલા હતા. ભુજમાં તેમની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરી અંજલિ અપાશે . ઉલ્લેખનીય છે કે, કચ્છનાં કંડલા બંદર સાથે દીનદયાળ પોર્ટ ઓથોરિટીનું નામ જોડી તેમની સ્મૃતિ કાયમી રીતે અંકિત કરાયેલ છે.

- (NP, કલ્પના શાહ)

---